# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 13-10-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **રૂપલ જાની** વાંચે છે.

**************************************************

1) બિહારમાં વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કા માટે આજે જાહેરનામું - પ્રધાનમંત્રી બુધવારે બૂથ સ્તરના પાર્ટી કાર્યકરો સાથે વાતચીત કરશે.

2) ભારતની સૌથી મોટી સ્કૂલ હેકાથોન 'વિકસિત ભારત બિલ્ડાથોન 2025' આજે સવારથી યોજાશે.

3) ગુજરાતમાં પ્રથમ વખત રેલવે સુરક્ષા દળ – RPFનો 40મો સ્થાપના દિવસ આજે વલસાડ ખાતે ઉજવાશે.

4) ગાઝામાં યુદ્ધનો અંત લાવવા આંતરરાષ્ટ્રીય પરિષદ આજથી ઇજિપ્તમાં શરૂ થશે.

5) આજે વિશ્વભરમાં આંતરરાષ્ટ્રીય આપત્તિ જોખમ ઘટાડા દિવસની ઉજવણી.

6) ભારતે સુલ્તાન જોહર કપ જુનિયર હોકીમાં ન્યુઝીલેન્ડને હરાવ્યું.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# BIHAR-NOTIFICATION

બિહારમાં વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કા માટે આજે જાહેરનામું બહાર પાડવામાં આવશે. આ સાથે 20 જિલ્લાઓમાં 122 વિધાનસભા બેઠકો માટે ઉમેદવારી પત્ર ભરવાની પ્રક્રિયા શરૂ થશે.

બીજા તબક્કા માટે ઉમેદવારી પત્ર દાખલ કરવાની છેલ્લી તારીખ 20 ઓક્ટોબર છે. ઉમેદવારી પત્ર ચકાસણી 21 ઓક્ટોબરે થશે અને ઉમેદવારી પત્ર પાછા ખેંચવાની છેલ્લી તારીખ 23 ઓક્ટોબર છે. આ તબક્કા માટે મતદાન 11 નવેમ્બરે યોજાશે. સવારે 11થી બપોરે ત્રણ વાગ્યા સુધી ઉમેદવારી પત્ર દાખલ કરી શકાશે.

ચૂંટણી પંચે કેન્દ્રો પર કડક સુરક્ષા વ્યવસ્થા કરી છે. 243 સભ્યોની બિહાર વિધાનસભા ચૂંટણીના બંને તબક્કા માટે મતગણતરી 14 નવેમ્બરે થશે. વિધાનસભા ચૂંટણીમાં કુલ 7 કરોડ 42 લાખ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરશે.

બીજા તબક્કામાં, પશ્ચિમ ચંપારણ, પૂર્વ ચંપારણ, સીતામઢી, શિવહર, મધુબની, સુપૌલ, અરરિયા, કિશનગંજ, પૂર્ણિયા અને કટિહાર જિલ્લામાં મતદાન યોજાશે. આ ઉપરાંત ભાગલપુર, બાંકા, જમુઈ, નવાદા, ગયા, ઔરંગાબાદ, જહાનાબાદ, અરવાલ, કૈમુર અને રોહતાસ જિલ્લામાં પણ મતદાન થશે.

# BIHAR-ELECTIONS

બિહાર વિધાનસભા ચૂંટણી માટે રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન એનડીએના ઘટક પક્ષો વચ્ચે બેઠકોની વહેચણી બાબતે જાહેરાત કરવામાં આવી.

સાંભળીએ એક અહેવાલ.........

(V/C- DHARMENDER-RAI-BIHAR)

# PM-BIHAR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી બુધવારે બિહારમાં બૂથ સ્તરના પાર્ટી કાર્યકરો સાથે વાતચીત કરશે. સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી મોદીએ પાર્ટી કાર્યકરોને "મેરા બૂથ સબસે મજબૂત" અભિયાનમાં જોડાવા અને તેમના સૂચનો રજૂ કરવા વિનંતી કરી. પ્રધાનમંત્રીએ કહ્યું કે, તેઓ કેટલાક પાર્ટી કાર્યકરો સાથે તેમના સૂચનો વિશે સીધી વાત પણ કરશે.

# VIKSIT-BHARAT-BUILDATHON

ભારતની સૌથી મોટી સ્કૂલ હેકાથોન ‘વિકસિત ભારત બિલ્ડાથોન 2025’ આજે સવારે 10 થી રાત્રે 11 વાગ્યા સુધી યોજાશે. વિક્સિત ભારત બિલ્ડાથોન એક રાષ્ટ્રવ્યાપી પહેલ છે, જેમાં શાળાઓ અને શિક્ષકોને ધોરણ છથી 12ના

વિદ્યાર્થીઓને તેમની સર્જનાત્મકતા અને સમસ્યાનું નિરાકરણ કૌશલ્ય દર્શાવવા માટે સશક્ત બનાવવા માટે આમંત્રિત કરવામાં આવે છે.

આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય શાળા સ્તરે નવીનતાની સંસ્કૃતિને મજબૂત બનાવવાનો છે, જેમાં વિદ્યાર્થીઓને ચાર થીમ - આત્મનિર્ભર ભારત, સ્વદેશી, વોકલ ફોર લોકલ અને સમૃદ્ધ ભારત-પર વિચાર કરવા અથવા પ્રોટોટાઇપ બનાવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. આ કાર્યક્રમ શિક્ષણ મંત્રાલય દ્વારા અટલ ઇનોવેશન મિશન (AIM) અને નીતિ આયોગના સહયોગથી આયોજિત કરવામાં આવી રહ્યો છે.

તેનું રાષ્ટ્રવ્યાપી લાઇવ - સ્ટ્રીમિંગ સત્તાવાર પોર્ટલ - vbb.mic.gov.in અથવા schoolinnovationmarathon.org/registration દ્વારા કરવામાં આવશે. બિલ્ડાથોનમાં એક કરોડ રૂપિયાનો એવોર્ડ પૂલ છે, જે 10 રાષ્ટ્રીય સ્તરના વિજેતાઓ, 100 રાજ્ય સ્તરના વિજેતાઓ અને એક હજાર જિલ્લા સ્તરના વિજેતાઓમાં વહેંચવામાં આવશે.

## ASHWINI VAISHNAW GUJ

ગુજરાતમાં પ્રથમ વખત રેલવે સુરક્ષા દળ – RPFનો 40મો સ્થાપના દિવસ આજે વલસાડ ખાતે ઉજવાશે. આ કાર્યક્રમમાં કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ વિશેષ ઉપસ્થિત રહેશે.

સત્તાવાર યાદી મુજબ, શ્રી વૈષ્ણવ પરેડનું નિરીક્ષણ કરી સાંસ્કૃતિક કાર્યક્રમમાં જોડાશે. તેઓ પ્રશંસનીય સેવા આપનારા 41 જવાનોને પણ પુરસ્કાર

**એનાયત કરશે. આ સમારોહમાં RPF દ્વારા રજૂ થનારા મલખંમ્ શૉ મુખ્ય આકર્ષણનું કેન્દ્ર રહેશે.**

**(બાઈટ– AJAY SADANI, CHIEF SECURITY COMMISSIONER)**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# PRASAR BHARATI CHAIRMAN

**પ્રસાર ભારતીના ચેરમેન ડૉ. નવનીત કુમાર સેહગલે જણાવ્યું કે, ભારતની વધતી જતી અર્થવ્યવસ્થા સમગ્ર વિશ્વમાં નવું સન્માન મેળવી રહી છે.**

**ગોવામાં જાહેર સેવામાં ICAI સભ્યોની રહેણાંક બેઠકમાં બોલતા, ડૉ. સેહગલે નોંધ્યું કે, ભારત લગભગ 6.8 થી 7 ટકાની મજબૂત ગતિએ વિકાસ કરી રહ્યું છે. જે દર અન્ય કોઈપણ મુખ્ય અર્થતંત્ર દ્વારા અજોડ કહી શકાય.**

# GAZA-PEACE-SUMMIT

ગાઝામાં યુદ્ધનો અંત લાવવા માટે શાંતિ કરારને અંતિમ સ્વરૂપ આપવા માટે એક આંતરરાષ્ટ્રીય પરિષદ આજથી ઇજિપ્તના શર્મ અલ-શેખમાં શરૂ થઈ રહી છે. ઇજિપ્તના રાષ્ટ્રપ્રમુખ અબ્દેલ ફત્તાહ અલ-સીસી અને અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ આ પરિષદની સહ-અધ્યક્ષતા કરશે. 20થી વધુ દેશોના નેતાઓ ભાગ લે તેવી અપેક્ષા છે.

સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસ પણ હાજરી આપશે. ચર્ચાઓ મુખ્યત્વે ગાઝા પટ્ટીમાં યુદ્ધનો અંત લાવવા, પ્રાદેશિક શાંતિ પ્રયાસોને પ્રોત્સાહન આપવા અને પશ્ચિમ એશિયામાં સુરક્ષા અને સ્થિરતા પુનઃસ્થાપિત કરવા પર કેન્દ્રિત હશે.

કેન્દ્રીય વિદેશ રાજ્ય મંત્રી કીર્તિ વર્ધન સિંહ શાંતિ પરિષદમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે. સોશિયલ મીડિયા સંદેશમાં, તેમણે શાંતિ પરિષદ માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ખાસ પ્રતિનિધિ તરીકે કૈરોમાં તેમના આગમનની જાહેરાત કરી. ગુરુવારે, પ્રધાનમંત્રી મોદીએ શાંતિ યોજનાના પ્રથમ તબક્કા પર ઇઝરાયલ અને હમાસ વચ્ચે થયેલા કરારનું સ્વાગત કર્યું.

## INTERNATIONAL-DAY-FOR-DISASTER-RISK-REDUCTION

આજે વિશ્વભરમાં આંતરરાષ્ટ્રીય આપત્તિ જોખમ ઘટાડા દિવસ ઉજવવામાં આવી રહ્યો છે. આ દિવસ દરેક નાગરિકને વધુ આપત્તિ-સ્થિતિસ્થાપક સમુદાયોના નિર્માણમાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરે છે. આ વર્ષનો વિષય

થીમ "આપત્તિઓ નહીં, ભંડોળ સ્થિતિસ્થાપકતા" છે, જે જાહેર અને આંતરરાષ્ટ્રીય બજેટમાં આપત્તિ જોખમ ઘટાડા માટે ભંડોળ વધારવા અને તમામ વિકાસ અને ખાનગી રોકાણો જોખમ-જાગૃત અને સ્થિતિસ્થાપક છે તેની ખાતરી કરવા માટે હાકલ કરે છે. સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દ્વારા જોખમ-જાગૃતિ અને આપત્તિ ઘટાડાની વૈશ્વિક સંસ્કૃતિને પ્રોત્સાહન આપવાના આહ્વાન પછી, 1989માં આંતરરાષ્ટ્રીય આપત્તિ જોખમ ઘટાડા દિવસની શરૂઆત કરવામાં આવી હતી.

## MEN-S-HOCKEY-SULTAN-JOHOR-CUP-2025

ભારતે સુલ્તાન જોહર કપ જુનિયર હોકીમાં ન્યુઝીલેન્ડને 4-2થી હરાવ્યું. ભારતીય જુનિયર પુરુષ હોકી ટીમે ગઇકાલે સુલ્તાન ઓફ જોહર કપમાં ન્યુઝીલેન્ડ સામે 4-2 થી જીત મેળવીને પોતાનો શાનદાર વિજય ચાલુ રાખ્યો. ભારત આગામી મેચમાં પાકિસ્તાન સામે ટકરાશે.

## GST-REFORMS-HIMACHAL-PRADESH

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા જાહેર કરાયેલા GST સુધારા ગયા મહિનાની 22મી તારીખથી અમલમાં આવ્યા હતા. પ્રધાનમંત્રીએ તેને "બચત ઉત્સવ" ગણાવ્યો છે, અમારા સંવાદદાતા હિમાચલ પ્રદેશના ઉદ્યોગોને સુધારેલા દરોથી મળી રહેલા પ્રોત્સાહન અંગે અહેવાલ આપે છે.

(V/C-SUMYA GST)

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે નિકિતા શાહ

- તાલીબાનના પાકિસ્તાન પરના હુમલાના સમાચારને તમામ અખબારોએ મુખ્ય મથાળામાં સ્થાન આપ્યું છે
- ગુજરાત સમાચાર લખે છે.. અફઘાન તાલીબાનોએ પાકના 62 સૈનિકોનો સફાયો કર્યો
- સંદેશની હેડલાઈન છે.. તાલીબાને 65 પાક સૈનિકોને ઠાર માર્યા
- નવગુજરાત સમયની હેડ લાઈન છે.. પાકિસ્તાન અફઘાનિસ્તાન વચ્ચે ભીષણ જંગ , 250થી વધુના મોત
- ફુલછાબ લખે છે... પાકિસ્તાન ઉપર તૂટી પડ્યું અફઘાન... 58 સૈનિક ઠાર
- અન્ય સમાચારોમાં ગુજરાત સમાચાર લખે છે... અમે યુદ્ધ થી ડરતા નથી અમેરિકા સામે મેદાનમાં ઉતારવા પણ તૈયાર: ચીન
- સંદેશની અન્ય હેડલાઈન છે.. ગાઝામાં શાંતિ માટેના પ્રસ્તાવ પર હસ્તાક્ષર કરવા હમાસનો ઇનકાર